જપ, તપ, યજ્ઞ જરૂરથી કરજો... પણ દિલના ખરાભાવથી કરેલી સેવા જ ઉત્તમોત્તમ છે
- રમેશ ઓઝા

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૯) અંક નં. ૧૧૩ | ૩ જુલાઇ, ૨૦૧૪, ગુરૂવાર; અષાઢ સુદ - ૬ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# દુષ્કાળના મુદ્દે હંગામો : વિપક્ષના સભ્યો સસ્પેન્ડ

## વિધાનસભા ગૃહમાં દુષ્કાળની ચર્ચાની માંગણી અધ્યક્ષે ફગાવી દેતા ગૃહમાં સૂત્રોચ્ચાર : એક દિવસ માટે કોંગ્રેસના સભ્યો બરતરફ

ગાંધીનગર, તા. ૨

રાજ્યમાં ચોમાસુ વિલંબમાં પડતા દુષ્કાળની સ્થિતિ અંગે વિધાનસભા ગૃહમાં ચર્ચા કરવાની માંગણી કરતા વિપક્ષના નેતા શંકરસિંહ વાઘેલાની નોટીસનો અધ્યક્ષે અસ્વીકાર કરતાં ગૃહમાં કોંગ્રેસના સભ્યોએ ઉગ્ર સુત્રોચ્ચાર કરતાં ધાંધલ ધમાલના દ્દશ્યો સર્જાયા હતા. અધ્યક્ષ વજુભાઈએ સુત્રોચ્ચાર કરતાં કોંગ્રેસના સભ્યોને આજના દિવસની કાર્યવાહીમાંથી સસ્પેન્ડ કરતાં વિપક્ષના નેતા સાથે કોંગ્રેસના તમામ સભ્યો વોક આઉટ કરી ગયા હતા.

વિધાનસભામાં આજે પ્રશ્નોત્તરીકાળ બાદ જાહેર અગત્યની તાકીદની બાબત પરની ચર્ચા ગૃહમાં પુરી થયા પછી વિરોધ પક્ષના નેતા શંકરસિંહ વાઘેલાએ ઉભા થઈ અધ્યક્ષને રજૂઆત કરતાં જણાવ્યું કે, રાજ્યમાં ચોમાસુ લંબાતા ઉભી થયેલી દુષ્કાળની સ્થિતિ સામે અત્રે સરકારે લીધેલા પગલાં અત્રે કોંગ્રેસના બલવંતસિંહ રાજપૂતે આપેલી ૧૧૬ની નોટીસનો અસ્વીકાર થયા બાદ મે નિયમ ૧૦૮ હેઠળ ચર્ચા માંગી છે તે નથી સ્વીકારાઈ તેવું કહેતા અધ્યક્ષ વજુભાઈએ વિપક્ષના નેતાની રજૂઆતનો અસ્વીકાર કરતાં ગૃહમાં કોંગ્રેસના સભ્યોએ ઉભા થઈને દુષ્કાળની સ્થિતિ જાહેર કરોની માંગ કરતાં ઉગ્ર સુત્રોચ્ચાર કરતાં અધ્યક્ષ વજુભાઈએ કોંગ્રેસના સભ્યોને ચેતવણી આપતાં જણાવ્યું હતું કે, તમે અધ્યક્ષને વિરોધ કરી રહ્યા છે. આ અંગે મારી ચેમ્બરમાં ચર્ચા કરવા આવો ગૃહમાં ચર્ચા કરી શકાય નહીં.

અધ્યક્ષ વજુભાઈ વાળાએ વિધાનસભા ગૃહનું કામકાજ શાંતિથી ચાલવા દેવાની વારંવાર કરેલી વિનંતીઓ પછી પણ કોંગ્રેસના સભ્યોએ ઉભા થઈને ઉગ્ર સુત્રોચ્ચાર ચાલુ રાખતા ગૃહના કામકાજમાં અવરોધ સર્જાયો હતો. કામકાજ આગળ વધારવું મુશ્કેલ જણાતા અને કોંગ્રેસ શક્તિસિંહ ગોહિલના નેતૃત્વમાં જીવવા દો ભાઈ જીવવા દો લોકશાહીને જીવવા દો, દુષ્કાળ જાહેર કરો તેવો સુત્રોચ્ચાર કરતા કોંગ્રેસના તમામ સભ્યોને એક દિવસ માટે ગૃહની કાર્યવાહીમાંથી સસ્પેન્ડ કરવાનો નિર્ણય અધ્યક્ષ વજુભાઈએ જાહેર કર્યા પછી પણ કોંગ્રેસના સભ્યોએ ગૃહમાં ઉભા રહીને સુત્રોચ્ચાર ચાલુ રાખતા અધ્યક્ષ વજુભાઈએ વિધાનસભાના સાર્જન્ટોને બોલાવીને ઉભા થઈને સુત્રોચ્ચાર કરતાં તમામ સભ્યોને ગૃહની બહાર લઈ જવાનો આદેશ કરતાં સાર્જન્ટો ગૃહમાં આવ્યા હતાં ત્યારે ણ પરેશ ધાનાણીએ સુત્રો બોલાવવાનું ચાલુ રાખતા તેમને બહાર કાઢવાનો અને ટિંગાટોળી કરીને નહીં પણ હાથ જાલીને બહાર લઈ જવાનું કહેતા પરેશ ધાનાણીને બહાર લઈ જવાયા હતાં. તે પછી કોંગ્રેસના બાકીના સભ્યોએ પ્લેકાર્ડ દર્શાવી ઉગ્ર સુત્રોચ્ચાર ચાલુ

● અનુસંધાન પાન-૭ પર




સિવિલ સંકુલમાં ટ્રાફીક - ગાંધીનગર સિવિલ હોસ્પિટલ આજકાલ દર્દીઓથી ઉભરાય છે... સવારે ઓ.પી.ડી.માં તજજ્ઞ તબીબોને બતાવવા ખૂબ મોટી સંખ્યામાં દર્દીઓ આવે છે... દર્દીઓના ધસારાને પ્રતિબિંબિત કરતો ટ્રાફીક તસવીરમાં જોઈ શકાય છે. સિવિલ હોસ્પિટલના ઈતિહાસમાં હમણાથી ટ્રાફીકની આ તસવીરો ચોંકાવનારી છે... દર્દીઓ વધ્યા છે અથવા તબીબોની લોકપ્રિયતા વધતી જાય છે... આ ઉપરાંત મેડીકલ કૉલેજ, નર્સિંગ કૉલેજનો ટ્રાફીક પણ જોડાય છે... (તસવીર : કશ્યપ નિમાવત)

# સૌરાષ્ટ્રમાં વરસાદના હળવા ઝાપટા

## અમરેલી, જૂનાગઢ, પોરબંદરમાં વરસાદ : રાજ્યભરમાં વરસાદના વિલંબથી ભારે ચિંતા

જૂનાગઢ-ગાંધીનગર, તા. ૨

અલનિનોની અસર વચ્ચે મોનસૂન વરસાદ ખેંચાઈ જતાં હાલત કફોડી બનેલી છે ત્યારે સૌરાષ્ટ્રના કેટલાક ભાગોમાં હળવા વરસાદી ઝાપટા પડ્યા હોવાના અહેવાલ મળ્યા છે. આજે ફરી એકવાર સૌરાષ્ટ્રમાં વરસાદી માહોલ જામ્યો હતો. મુંબઈમાં ભારે વરસાદ થયા બાદ સૌરાષ્ટ્રના જુદા જુદા ભાગોમાં પણ વરસાદ થયો હતો. સૌરાષ્ટ્રના જુનાગઢ, અમરેલી, પોરબંદરમાં છુટા છવાયા વરસાદી ઝાપટા પડ્યા હતા. માંગરોળમાં ધીમો વરસાદ થયો હતો. સામાન્ય વરસાદના પગલે બફારાનું પ્રમાણ વધી જવા પામ્યું હતું. કેશોદમાં પણ સામાન્ય વરસાદ થવા પામ્યો હતો. જામનગર જિલ્લાના ખંભાળીયામાં પણ સોમવારે મધરાતે વરસાદનું જોરદાર ઝાપટું વરસી ગયું હતું. ઝાપટાના પગલે માર્ગો પરથી પાણી વહી ગયો હતો. અમરેલીમાં બપોરના સમયે હળવા અમી છાંટણા થયા હતા. આવી જ રીતે બગસરામાં પણ અણી છાંટણા થયા હતા. એકાદ બે દિવસમાં મેઘ સવારી આવી પહોંચશે તેવી ખેડૂતોને આશા છે. દિવસ દરમ્યાન માત્ર હળવા ઝાપટા જ પડ્યા હતા. જેના કારણે ઉકળાટ વધતા લોકો અકળાઈ ઉઠ્યા હતા, હવે મેઘરાજા મન મુકીને વરસે તેવી પ્રાર્થના પણ કરી રહ્યા હતી. જ્યારે રાજકોટ જિલ્લામાં આકાશમાં કાળા વાદળો છવાયા હતા અને પવન પણ ફૂંકાયો હતો પરંતુ મેઘરાજા વરસ્યા ન હતા. દરમિયાન ગુજરાતમાં વરસાદ મોટાભાગે જૂનના મધ્ય ભાગમાં આવી જતો હોય છે પરંતુ આ વખતે હજુ સુધી વરસાદ આવ્યો નથી જેથી લોકો વરસાદની આતુરતાથી રાહ જોઈ રહ્યા છે. જૂન મહિનો પૂર્ણ થયો અને જુલાઈ આવી ગયો છતાં પણ હજુ મેઘરાજા દર્શન દેતા નથી. ત્યારે આજે વલસાડના લોકો માટે મેઘરાજા પધાર્યા છે અને પોતાની અમી દ્રષ્ટિ વરસાવી રહ્યા છે. હવામાન વિભાગે આગાહી કરી છે કે, રાજ્યમાં કેટલીક જગ્યાઓએ વરસાદી ઝાપટા પડી શકે છે. આજે અમદાવાદમાં મહત્તમ તાપમાન ૩૯.૪ ડિગ્રી રહ્યું હતું. જ્યારે ગાંધીનગરમાં ૪૦ ડિગ્રી તાપમાન રહ્યું હતું. સામાન્ય રીતે દક્ષિણ-પશ્ચિમ પવનો નિચલી સપાટીએ ફૂંકાઈ રહ્યા છે.

# રાજ્યના ૪૫ સનદી અધિકારીઓની બદલી

## મુખ્યમંત્રીના સચિવ તરીકે અજય ભાદુ : જિલ્લા કલેક્ટર અને મ્યુનિસિપલ કમિશ્નરોનો પણ બદલીઓમાં સમાવેશ

| નામ | હાલમાં ક્યાં | ક્યાં મુક્યા |
|---|---|---|
| અનુપમઆનંદ | મ્યુનિ. કમિશ્નર જામનગર | અધિક સીઈઓ શહેરી વિકાસ મિશન |
| ડી.એ. સત્યા | કલેક્ટર, દાહોદ | અધિક વિકાસ કમિશ્નર ગાંધીનગર |
| રાજકુમાર બેનિવાર | કલેક્ટર, મહેસાણા | કલેક્ટર, અમદાવાદ |
| એમ.એ. ગાંધી | કલેક્ટર, પોરબંદર | કલેક્ટર, દાહોદ |
| જયપ્રકાશ શિવહરે | કલેક્ટર, સુરત | કલેક્ટર, ડાંગ-આહવા |
| રવિકુમાર અરોરા | ડીડીઓ, વડોદરા | કલેક્ટર, મહિસાગર |
| ડૉ. રાહુલ બી. ગુપ્તા | કલેક્ટર, આણંદ | કલેક્ટર, નર્મદા રાજપીપળા |
| પી. ભારતી | મુખ્ય કાર્યકારી સત્તાધિશ સુડા | કલેક્ટર, પંચમહાલ |

| નામ | હાલમાં ક્યાં | ક્યાં મુક્યા |
|---|---|---|
| રાણા દીલીપકુમાર | ડીડીઓ, જુનાગઢ | કલેક્ટર, બનાસકાંઠા |
| એસ.કે. પંડ્યા | કલેક્ટર મહિસાગર | કલેક્ટર, દેવભૂમિ દ્વારકા |
| રવિશંકર | ડીડીઓ, અમદાવાદ | કલેક્ટર, ગાંધીનગર |
| એમ.એસ. પટેલ | કલેક્ટર, બનાસકાંઠા | કલેક્ટર, કચ્છ |
| લોચન સેહરા | અધિક્ષક, સ્ટેમ્પસ | કલેક્ટર, મહેસાણા |
| આર. એમ. મુથદત | ડીડીઓ, સુરત | કલેક્ટર, નવસારી |
| જે. સી. ચુડાસમા | સંયુક્ત સચિવ,નર્મદા | કલેક્ટર, પોરબંદર |
| શ્રીમતી મનિષા ચંદ્રા | કલેક્ટર, પંચમહાલ | કલેક્ટર, રાજકોટ |
| ડૉ. રાજેન્દ્રકુમાર | કલેક્ટર, રાજકોટ | કલેક્ટર, સુરત |
| કે.એમ. ભિમજિયાણી | સંયુક્ત સચિવ વનવિભાગ | કમિશનર યુવક સેવા |

● અનુસંધાન પાન-૭ પર

# એડ વેલોરમ ફીના ૫૦ ટકાને બદલે હવે માત્ર ૧૦ ટકા કોર્ટ ફી ભરવાની રહેશે

## ગુજરાત કોર્ટ ફી (સુધારા) વિધેયકથી ખેડૂતોની આર્થિક સુખાકારી વધશે : પ્રદીપસિંહ જાડેજા

જમીન સંપાદન અધિનિયમ હેઠળ સંપાદિત કરવામાં આવતી જમીનો બાબતે કલેકટરે નક્કી કરેલી રકમ અને જમીન ધારક દ્વારા અપેક્ષિત વળતરની કિંમત વચ્ચેની રકમના તફાવત પર ઠરાવેલા દરોએ કિંમત પ્રમાણેની એડ વેલોરમ ફીના અડધા એટલે કે ૫૦ ટકાના દરે કોર્ટ ફી ભરવાની હતી તેને બદલે હવે માત્ર ૧૦ ટકાના દરે કોર્ટ ફી ભરવાની રહેશે. ગુજરાત વિધાનસભાએ જમીન ધારકો તથા ખેડૂતોની નાણાંકીય હાડમારી દૂર કરતું ગુજરાત કોર્ટ ફી (સુધારા) વિધેયક પસાર કર્યું હતું. કાયદા રાજય મંત્રીશ્રી પ્રદીપસિંહ જાડેજાએ આ વિધેયકની રજૂઆત કરતાં જણાવ્યું હતું કે, રાજય સરકારે કરેલા આ સુધારાથી જમીન સંપાદનના રેફરન્સ દાખલ કરવાની સંખ્યામાં વધારો થશે. પરંતુ ખેડૂતોને વધુ વળતર મેળવવા માટે રેફરન્સ દાખલ કરી શકવાને કારણે તેમની અપેક્ષા મુજબનું વધુ વળતર મેળવવા પાત્ર થશે. પરિણામે ખેડૂતોની આર્થિક સુખાકારીમાં વધારો થશે.

સન ૨૦૧૪નું ગુજરાત કોર્ટ ફી (સુધારા) વિધેયક રજૂ કરતાં મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજાએ જણાવ્યું હતું કે ગુજરાતમાં સસ્તો, ઝડપી અને ઘર આંગણે ન્યાય મળે તે માટે રાજય સરકાર પ્રતિબદ્ધ છે. જમીનને લગતા કાયદાઓ તથા અન્ય કાયદાઓમાં સુધારાઓને પગલે કોર્ટોમાં પડતર કેસોની સંખ્યા ૩૬ લાખથી ઘટીને ૨૨ લાખ થઈ ગઈ છે. ગુજરાતના જમીન સંપાદન મોડલને નામદાર સર્વોચ્ચ અદાલતે અને ભૂતપૂર્વ યુપીએ સરકારના વિભાગે પણ પ્રશંસા કરી છે. ગુજરાત સરકારે ખેડૂતોની સતત ચિંતા કરી છે. ગુજરાત કોર્ટ ફી (સુધારા) વિધેયકથી કોર્ટ ફીનો દર મોટા પાયે ઘટશે.

વિધાનસભા ગૃહે વિના વિરોધે આ વિધેયક પસાર કર્યું હતું. આ વિધેયકની ચર્ચામાં ધારાસભ્ય શ્રી રાજેન્દ્રભાઈ ત્રિવેદી અને શ્રી શકિતસિંહ ગોહિલે ભાગ લીધો હતો.

જાહેર આભાર
વિકાસ પેનલ તરફથી
"આપનો સહકાર બેંકનો વિકાસ"
ધી ગાંધીનગર અર્બન કો.ઓ.બેંક લિ.ની બોર્ડ ઓફ ડિરેક્ટર્સની ચુંટણીમાં અમારી "વિકાસ પેનલને" જંગી બહુમતીથી વિજયી બનાવવામાં અમોને સહકાર, શુભેચ્છા અને સહયોગ આપવા બદલ બેંકના તમામ સભાસદો, શુભેચ્છકો, વેપારી મિત્રો, સહકારી આગેવાનો, સરકારી - બિન સરકારી કર્મચારીઓ, વિશીષ્ઠ નાગરીકો યુવાન મિત્રો તથા ગાંધીનગરના તમામ નાગરિકોનો "વિકાસ પેનલ" હૃદય સહ હાર્દિક આભાર માને છે.
શ્રી ગીરીશચંદ્ર તારાચંદ્ર ઝાટકીયાએ વિકાસ પેનલને સમર્થન કરેલ છે તે બદલ ખૂબ ખૂબ આભાર
ડાહ્યાભાઈ ત્રિભોવનદાસ પટેલ
ચંદુભાઈ હરિભાઈ પટેલ
પુરષોત્તમભાઈ માધવલાલ પટેલ
અશોકકુમાર ચતુરભાઈ પટેલ
પ્રકાશભાઈ રામભાઈ પટેલ
નટુભાઈ રામભાઈ પટેલ
કાલિદાસ વિઠ્ઠલદાસ પટેલ
બિપિનભાઈ વિઠ્ઠલભાઈ પટેલ
પ્રહલાદભાઈ શંકરભાઈ પટેલ
પ્રહલાદભાઈ ઈશ્વરભાઈ પટેલ
ઈન્દીરાબેન રમેશચંદ્ર પટેલ (બીનહરીફ)
ભાવનાબેન બિપિનભાઈ પટેલ (બીનહરીફ)

26.01.1994થી સતત GPSC (વર્ગ-1/2) (Dy.SP., મામલતદાર/ TDO / SO), PSI તથા તલાટી અને કલાર્ક (વર્ગ-1, 2, 3) BANK CLERKની તમામ સરકારી નોકરી અંગેની ભરતી પરીક્ષાઓની તૈયારી કરાવી 92.37% સરેરાશ પરિણામ મેળવનાર સંસ્થા...
TCCI EDUCATION PVT. LTD.



10.7.2014 (ગુરૂવાર) થી રાંધેજા, રૂપાલ, સરઢવ, ચિલોડા, વિજાપુર, માણસા, ગોજારીયા, મહુડી જેવા તમામ ગામ / તાલુકા સ્થળના વિદ્યાર્થીઓ માટે ખાસ પેથાપુર ખાતે નવી શાખાની શુભ શરૂઆત...
ઓફીસ નં. ૨૨૯, ૨૩૦, બીજો માળ, શ્રી સ્કવેર બિલ્ડીંગ, પેથાપુર ચોકડી, મહુડી-ગાંધીનગર રોડ, પેથાપુર, ગાંધીનગર.

પેથાપુર શાખામાં
કલાર્ક / તલાટી / કોન્સ્ટેબલ / સચિવાલય વર્ગ-3 માટે...
માસ્ટર કોર્ષ-2014
બેચ શરૂ થવાની તા. : 10.07.2014
ભણવાના દીવસો : સોમવાર થી શુક્રવાર
બેચનો સમય : સાંજના 4.30 થી 6.30
4 માસનો અભ્યાસક્રમ ફી ₹ 14,000/- (M) ₹ 11,000/- (F)

ગાંધીનગર, મહેસાણા શાખા ઉપરાંત પેથાપુર શાખામાં 'પ્રવેશ શરૂ'
કોર્ષમાં સંપૂર્ણ સાહિત્ય FREE

પેથાપુર શાખામાં
BANK CLERK (IBPS)
બેચ શરૂ થવાની તા. : 19.07.2014
ભણવાના દીવસો : સોમવાર થી શુક્રવાર
બેચનો સમય : બપોરના 2.15 થી 4.15
ફી ₹ 14,000/- (M) ₹ 11,000/- (F) 4 માસનો અભ્યાસક્રમ

ગાંધીનગર / મહેસાણા શાખામાં GPSC (વર્ગ-1/2)ની તથા માસ્ટર કોર્ષની શનિ/રવિ (સાંજની) તથા ફક્ત રવિવાર માટે અથવા સોમ થી શુક્રની બેચમાં પ્રવેશ ચાલુ છે.

TCCI EDUCATION PVT. LTD.
ગાંધીનગર 9537614606 પ્લોટ 328/2, પ્રથમ માળ, ઘ-2 થી ચ-2ની વચ્ચે, દેના ગુજરાત ગ્રામીણ બેંક પાસે, સેકટર-7/A. સંપર્ક : સોમ થી શનિ (બપોરના 3.00 થી 5.30 સુધી)
મહેસાણા 9537614607 પ્રથમ માળ, ચિરાગ પ્લાઝા, આર્યન વર્લ્ડ વાઈડની બાજુમાં, માનવ આશ્રમ ચોકડી, વિસનગર રોડ. સંપર્ક : સોમ થી શનિ (સવારના 10.00 થી 4.30 સુધી)
પેથાપુર (ગાંધીનગર) : રૂબરૂ મળવાનો સમય સવારના 10-30 થી બપોરના 1-30 (મો. : 9537614606)
IELTS / SPOKEN ENGLISH / UPSC (IAS / IPS)ના વર્ગો ટૂંક સમયમાં શરૂ